*This Question Paper contains 8 printed pages.*
*(Sections - A, B, C & D)*

Sl.No. 040349

# 13 (G)

**(FEBRUARY-MARCH, 2025)**

---

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 53 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

---

## વિભાગ – A [20]

### (ગદ્ય વિભાગ)

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [3]

| (અ) પાત્ર | (બ) કૃતિ |
|---|---|
| 1) હિંમત | (અ) જેઠીબાઈ |
| 2) ઊર્મિ | (બ) નથી |
| 3) પંજુ ખત્રી | (ક) ટિફિન |
| | (ડ) ઝબક જ્યોત |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4) શીમળાના વૃક્ષનો અંકુર .......... રસ્તાની વચમાં જ ફૂટી નીકળ્યો હતો.

(ઘરના, બગીચાના, ડુંગરના)

5) સમસ્ત સૌરાષ્ટ્રમાં .......... રંગાટકામ એક અવાજે વખણાતું.

(પાટણનું, વડોદરાનું, જામનગરનું)

• **નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

6) 'સૂરજ તો બધે જ સરખો' પાઠનો પ્રકાર પ્રસંગકથા છે.

7) અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદ્રષ્ટા હતા.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8) ગવરીની વિદાય પ્રસંગે રમઝુ મીરને કોનું સ્મરણ થાય છે?

9) વૃદ્ધ સ્ત્રીઓની ડિશમાં વેઈટર કેટલું પીરસતો હતો?

10) મહાબળેશ્વર જવા માટે સર્વજ્ઞભાઈ ટ્રાવેલ્સનો કેમ આગ્રહ રાખે છે?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

11) 'આ રોટલાનું વૈતરું શું કામ?' - આ વાક્યનો પ્રત્યુત્તર શો મળે છે?

12) મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈ અને કાકી વચ્ચે શી વાત થતી?

13) ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે?

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

14) સૌંદર્ય માણવાને બદલે ખાણી-પીણીમાં વિશેષ રસ લેતા પ્રવાસીઓના સ્વભાવ વિશે પાઠને આધારે નોંધ લખો.

15) વર્ગીસ કુરિયન ત્રિભુવનદાસના ક્યા ગુણોથી પ્રભાવિત થઈ તેમને ગુરુ માનતા હતા?

16) 'શરણાઈના સૂર' - કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ – B

[20]

### (પદ્ય વિભાગ)

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [3]

| (અ) કર્તા | (બ) કૃતિ |
|---|---|
| 17) હરિકૃષ્ણ પાઠક | (અ) ક્યાં રે વાગી |
| 18) મીરાંબાઈ | (બ) જીવન અંજલિ થાજો |
| 19) કરસનદાસ માણેક | (ક) મોરલી |
| | (ડ) જીવમાં જીવ આવ્યો |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

20) તાતા તાપે ............... રહ્યો રાફડો સાવ ધીરે-ધીરે.

(ખદખદી, ખદબદી, ખળખળી)

21) ............... સાદની જી રે, મોરલી ક્યાં રે વાગી!

(ગરવા, સરવા, હરવા)

• **નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

22) 'તે બેસે અહીં' કાવ્યના કવિ નિરંજન ભગત છે.

23) 'હાથ મેળવીએ' કાવ્ય 'છંદોલય' માંથી લેવામાં આવ્યું છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

24) કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે?

25) વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઈ?

26) કોના દર્શનથી મીરાંબાઈનાં દુઃખ દૂર થાય છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ડ) **નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

27) કવિ મૃત્યુ સાથે કેવો સંઘર્ષ કરવા માગે છે?

28) કવિ પોતાના ચરણોને વણથાક્યાં કેમ કહે છે?

29) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે?

ઈ) **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

30) 'પંખી પીંજરામાં ભરાઈ ગયું' માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

31) માણસની સભાપાત્રતાની યોગ્યતા 'તે બેસે અહીં' ગઝલને આધારે સમજાવો.

32) 'દીવાનખાનામાં' કાવ્યમાં 'વસ્તુઓ ગોઠવાઈ શકે છે, મન ગોઠવાતું નથી,' તેની વેદનાને સમજાવો.

## વિભાગ – C

### (વ્યાકરણ વિભાગ)

• **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો.** [16]

33) નીચેનામાંથી કયો શબ્દ 'ટીખળ' શબ્દનો સમાનાર્થી છે? [1]

(A) ટોળ

(B) અતળ

(C) અભ્યાગત

34) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? [1]

(A) ગહન – ગાઢ

(B) કુશળ – શામળું

(C) સ્મૃતિ – સ્મરણ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35) 'આવક' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. [1]

(A) શોક

(B) જાવક

(C) ઉજાસ

36) નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી? [1]

(A) ચોર × શાહુકાર

(B) નિવૃત્ત × પ્રવૃત્ત

(C) મુક્તિ × પરાજય

37) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) ચરિતાર્થ

(B) ચરિતારથ

(C) ચરીતાર્થ

38) પશ્ચિમનો ............ રસ્તા પર પડે છે. યોગ્ય જોડણી વડે ખાલી જગ્યા પૂરો. [1]

(A) જરૂખો

(B) ઝરૂખો

(C) સરૂખો

39) નીચેનામાંથી 'દેવાલય' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) દેવા + આલય

(B) દેવ + અલય

(C) દેવ + આલય



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

40) નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે? [1]

(A) સગાસંબંધી

(B) હસ્તઘડી

(C) ચિંતાતુર

41) 'સોપાનો સર કરવાં' – રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

42) 'કડવું ઓસડ મા જ પાય' – કહેવત સમજાવો. [1]

43) 'છબીલે ધીરજકાકાને બે રૂપિયા આપવાની હા પાડી.'– કર્મણિવાક્ય બનાવો. [1]

44) 'વૈશાલી પકવાન જમતી.' – પ્રેરક વાક્ય બનાવો. [1]

45) નીચે આપેલ વાક્યમાં – રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

'આકાશ <u>ચોખ્ખું</u> દેખાય છે.'

46) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) સાંકડું

(B) યોગ્ય

(C) બમણું

47) સાવ મગજમેટ થઈ ગયો લાગે છે – યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો. [1]

48) ફકરામાં કોઈ ઉક્તિ, સંવાદ દર્શાવવા હોય ત્યારે કયું વિરામચિહ્ન વાપરી શકાય? [1]

(A) બેવડાં અવતરણ

(B) પૂર્ણવિરામ

(C) અલ્પવિરામ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ – D [24]

### (અર્થગ્રહણ/લેખન સજ્જતા)

49) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

"મનુષ્યમાં જે સદ્‌ગુણો શીલ હોય છે તે બધું મળે છે ત્યારે તેને ચારિત્ર્ય કહે છે. ચારિત્ર્યથી જ માનવી શક્તિશાળી અને તેજસ્વી બને છે. લોકો કહે છે કે 'જ્ઞાન એ જ શક્તિ છે; પરંતુ હું વ્યક્તિગત રીતે દાવાપૂર્વક કહું છું કે 'ચારિત્ર્ય એ જ શક્તિ છે.' ચારિત્ર્ય વિના જ્ઞાનાર્જન શક્ય જ નથી. ચારિત્ર્યહીન વ્યક્તિ આ સમાજમાં મૃતપ્રાય છે. સમાજ તેને તિરસ્કાર અને ઉપેક્ષાની નજરે જોશે. તમારે જીવનમાં સફળ થવું હોય, બીજાને પ્રભાવિત કરવા હોય, આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવાની ઈચ્છા હોય, તો તમારે નિષ્કલંક ચારિત્ર્ય પ્રાપ્ત કરવું જોઈએ. શંકરાચાર્ય, બુદ્ધ, ઈશુ અને એવા પ્રાચીન ઋષિઓનાં નામ આજે પણ લેવામાં આવે છે, કારણ કે તેમનું ચારિત્ર્ય દિવ્ય તેમજ અદ્‌ભુત હતું. તેઓ પોતાના ચારિત્ર્યના બળે જ બીજાને પ્રભાવિત કરી તેમનાં હૃદય પરિવર્તન કરાવી શક્યા. ચારિત્ર્ય જીવનનો સ્તંભ છે."

50) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [4]

એક કઠિયારો – લાકડાં કાપવા જંગલમાં જવું – પાણી તરફ નમેલી ડાળ કાપવી – કુહાડીનું છટકવું – તળાવમાં પડી જવું – પાણીમાં જળદેવીનું પ્રગટથવું – સોનાની કુહાડી આપવી – કઠિયારાનો ઈનકાર – જળદેવીનું પાછા જવું – બીજી વખત ચાંદીની કુહાડી સાથે પ્રગટથવું – કઠિયારાનો ફરીથી ઈનકાર – જળદેવીનું પાછા જવું – મૂળ કુહાડી સાથે પ્રગટથવું – કઠિયારાને આપવી – કઠિયારાનું ખુશ થવું – કઠિયારાને જળદેવીનું ઈનામ – બોધ.

51) તમારી શાળામાં યોજાયેલ 'પ્રજાસત્તાક દિનનો' અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

52) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [4]

'શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક,
જેમાં સુખ દુઃખ પામીએ, તે લાખોમાં એક;

અથવા

સુખ દુઃખ છે જીવનની મેચ,
કોઈનો ફટકો તો કોઈનો કેચ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

53) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાઓ આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.[8]

- જીવનઘડતરમાં તહેવારોનું સ્થાન :-

  પ્રસ્તાવના - ભારતની ઉત્સવપ્રિય જનતા - તહેવારોના પ્રકારો - તહેવારો અને ઉત્સવોની ઉપકારકતા - તહેવારોનું વિસરાતું જતું મૂલ્ય - જીવતા તહેવારો - ઉપસંહાર.

અથવા

- વર્ષાનું તાંડવ :-

  પ્રસ્તાવના - વર્ષાનાં બે સ્વરૂપ। અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ - અતિવૃષ્ટિનું રૌદ્ર સ્વરૂપ - માનવીની લાચારી - ખુવારીની ભયાનકતા - બચાવનાં ઉપાયો ને માનવસેવા - ઉપસંહાર.

અથવા

- મોંઘવારી :-

  પ્રસ્તાવના -મોંઘવારી શું છે? - મધ્યમ વર્ગના માનવીની હાલાકી - મોંઘવારીની સમસ્યાઓ - મોંઘવારી ડામવાના પ્રયત્નો ને નિષ્ફળતા - ઉપસંહાર.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in